# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૧૧ ● સળંગ અંક : ૬૩ ● તા. ૨૪ ઓગસ્ટ થી ૩૦ ઓગસ્ટ ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની ટ્રસ્ટ બોર્ડની સભા ગાંધીધામમાં મળી



# જ્ઞાતિ વિકાસ માટે કચ્છ એકમના પદાધિકારીઓ અને સમસ્ત મહાજન પદાધિકારીઓ મળી વિચાર વિમર્શ કર્યો











આજની સૌથી મોંઘી વસ્તુ છે
'વિશ્વાસ'.
જે સૌને જોઈએ છે,
પણ કોઈ કરતું નથી.
– અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


**અમારી વાત...** **સંપાદક સ્થાનેથી**

# જીવનના સુખ મળે એ પ્રભુની પ્રસાદી

જીવનમાં સાચું સુખ અને શાંતિ આપણા હૃદયમાંથી જન્મે છે. મનની શાંતિ વગર મળતા સુખચેન અંજપો પેદા કરે છે. સારી દ્રષ્ટિ સાથે સારા ભાવ, સારા વિચારો સાથે પરહિત કલ્યાણની કામના હોય તો દુનિયા બદલાઈ જાય છે. સારી દ્રષ્ટિ કેળવવા ગુણાનુ રાગી બનવું પડે છે. નકારાત્મક વલણ, શંકા, પૂર્વગ્રહ, ઈર્ષા અદેખાઈના ભાવ સાથો સાથ અવિશ્વાસ, જડ માન્યતા દૂર કરવી પડે છે. ભ્રાતૃભાવના કેળવવાથી અન્ય તથા અજાણી વ્યક્તિઓનો પ્રેમ પામી શકાય છે. પ્રેમએ જીવનનું મીઠું અને મોંઘુ અમૃત છે. તે પૈસાથી કદી મળતું નથી. પ્રેમ આપીને પ્રેમ લઈ શકાશે. જીવનમાંથી જેટલો પ્રેમ બીજા માટે ઢોળીશું, વહાવી શું તેટલો તે આપણને સામો પ્રાપ્ત થશે.

સુખ ત્રણ પ્રકારના છે. તન, મન અને ધનનું. માણસ માત્રની ઈચ્છા કે કામના આ ત્રણેય સુખ મળે એ હોય છે. પણ, હકીકતમાં આ ત્રણેય સુખ કોઈને મળતાં નથી. સૌ જણ ધનનું સુખ મળે એની કામના કરે છે. પણ મનમાં શાંતિ નહીં હોય કે તન નિરોગીમય નહીં હોય તો શું સુખ ભોગવવા મળશે? પહેલું સુખ જાતે નર્યા. શરીર સ્વસ્થ, તન તંદુરસ્ત હશે તો જે સુખની ઓછપ હશે તેને પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કરી શકાશે માટે તનનું સુખ પ્રથમ પ્રાપ્ત થવું જરૂરી છે. શારીરિક શક્તિનો ઉપયોગ શ્રમ કરવા માટે તેમજ આનંદ પ્રમોદ માટે પણ થઈ શકશે.

એવુંજ મનનું છે. ડગુમગુ વિચલિત મન કોઈ સુખને સુખેથી ભોગવા ન દેશે. શરીર બીમાર હોય તો એકવાર ચાલી જાય. પણ જો મન કમજોર તાકતહીન અને અશાંત હશે તો જીવનમાં ઉત્પાત સર્જી દેશે. જીવનમાં ક્ષમતા અને સ્થિરતા મન દ્વારા મળે છે. મનમાં તૃપ્તિ ન હોય. સંતોષ રોટલાને મીઠો અને મોંઘેરો બનાવી દે છે. જે મળ્યું છે તેને સુખીથી માણવાના ભાવ મન જ પેદા કરે છે. ચંચળવૃતિ ધરાવતું મન પોતે પણ અશાંત રહે છે અને આપણા સમગ્ર જીવનને અશાંત અને ઉપદ્રવી કરે છે.

તન, મન અને ધનના સુખ સાથો સાથ મળે એ માનવી ખરેખર ભાગ્યશાળી ગણાય. ધનથી ભૌતિક વસ્તુઓ, બજારૂ જણ સો તો આસાનીથી ખરીદી શકાય છે. પણ આનંદ અને ખુશી જરૂરી છે. તે વગર જીવન શુષ્ક અને રસવિહીન બની જાય છે. કોઈનો છળ, કપટ કરી પ્રાપ્ત કરેલું ધન કે સંપતિ આખરે અશાંતિ આપે છે અને વિનાશના કારણો સર્જે છે.

તનનું આરોગ્ય મનમાં શાંતિ અને પર્યાય પુરૂષાર્થથી પ્રાપ્ત થયેલું ધન એ પ્રભુ પરમાત્મા દ્વારા મળેલી પ્રસાદી છે. અનહદ કૃપા છે. પોતાને મળેલા સુખ અન્યો માટે વાપરવા એનો આનંદ અઢળક છે. પોતાને પ્રભુકૃપાએ મળેલ સુખ અન્ય માટે ખુશી સર્જે એનો આનંદ અનેરો હોય છે. જે હૃદયમાં સમાતો નથી. માટે તન, મન અને ધનનો ત્રિવિધ સુખની જાળવણી જતનપૂર્વક કરવી.

– જય જ્ઞાતિમૈયા

# શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની ટ્રસ્ટ બોર્ડની સભા ગાંધીધામમાં મળી



શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનના ટ્રસ્ટ બોર્ડની એક સભા રવિવાર તા.૧૮-૮-૨૦૧૯ના સવારના ૧૦ કલાકે હોટલ જય રેસીડેન્સીના કોન્ફરસ હોલમાં મળી હતી.

નવકાર મંત્રના પઠન બાદ મે.ટ્રસ્ટી પ્રવીણ લોડાયાના પ્રમુખપદે સભાની કાર્યવાહી એજન્ડા અનુસાર શરૂ થઈ હતી. તા.૨૦-૭-૨૦૧૯ના મુંબઈમાં મળેલ સભાની કાર્યવાહીની મીનીટસ્‌ના વાંચન બાદ, 'સમસ્ત ક.દ.ઓ. ફાઉન્ડેશન'ની રચના બાબત ચર્ચા વિચારણા થઈ હતી અને સંસ્થાકિય સંચાલન માટે ચેરીટી કમિશનરની પ્રક્રિયાઓ જલદીથી પૂર્ણ કરવાનું જણાવાયું હતું. ઓફિસ જગ્યા બાબત અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સાથે વાત કરવાનું નક્કી થયું હતું.

સેક્રેટરી જનરલે મેડીકલ સમિતિની પેટર્ન સ્કીમની વિગતવાર માહિતી આપી હતી અને મેડીકલ સમિતિને પેટર્ન સ્કીમમાં કે ફાળામાં મળેલ દાનને કોઈમ્બતુર મહાજનને સથવારે ૮૦G નો લાભ મળે તે બાબત જાણકારી અપાઈ હતી.

કેડીઓ ગ્લોબલ કાર્ડના પ્રમોશન માટે ફ્લેસ/સન બોર્ન્ડ બનાવી મહાજનોને મોકલવાનું નક્કી થયું હતું.

સેક્રેટરી જનરલ નીશિથ દંડે વિવિધ સમિતિઓની કાર્યવાહીની જાણ ટ્રસ્ટીઓને કરી હતી. તા.૨૮-૯-૨૦૧૯ના મુંબઈમાં માટુંગા મધ્યે દિવ્યાંગો માટે મેળાનું આયોજન થયાની જાણકારી આપી હતી. નારી સશક્તીકરણ સમિતિ આવતા વર્ષે જાન્યુઆરીમાં ત્રણ દિવસનું મીની સંમેલન યોજવાનું વિચારી રહી છે. યુવા સમિતિ ડીસેમ્બર ૨૦૧૯ના ચતુર્થ સપ્તાહે સાઉથમાં યુવા સંમેલન યોજવાની તૈયારી કરી રહ્યું છે. મેડીકલ સમિતિની કાર્યવાહી અવિરત ચાલી રહી છે. કુલ ૬ કેસ પુરા થયા. બે નવા નોંધાયા છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# જ્ઞાતિ વિકાસ માટે કચ્છ એકમના પદાધિકારીઓ અને સમસ્ત મહાજન પદાધિકારીઓ મળી વિચાર વિમર્શ કર્યો



રવિવાર, તા.૧૮-૮-૨૦૧૯ના બપોરના ૪.૦૦ કલાકે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનવાડી, વોર્ડ ૯/બી, ગાંધીધામ મધ્યે સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ ગાંધીધામ-ભૂજ-કચ્છના જ્ઞાતિજનોને મળી ચાલતી પ્રવૃત્તિઓ બાબત તેમને અવગત કરાવી શકે તે માટે ગાંધીધામ મહાજન દ્વારા આ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કચ્છ એકમ/ગાંધીધામ મહાજનશ્રીના પદાધિકારીઓ સૌ હાજર રહ્યા હતા. ભૂજ અને અન્ય ગામોએથી જ્ઞાતિજનો પધાર્યા હતા. લહેરચંદભાઈ ખોનાએ સૌને આવકાર આપ્યો હતો અને સભાના આયોજનની ભૂમિકા બાંધેલ. સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નીશિથ દંડે ડિસેમ્બર ૨૦૧૮ના કચ્છ નલિયામાં યોજાયેલ ચતુર્થ સંમેલનમાં નક્કી થયા મુજબની પ્રવૃત્તિઓ બાબત થઈ રહેલી કાર્યવાહીની વિગતો સમજાવી હતી. કેડીઓ ગ્લોબલ કાર્ડ એ આપણી ઓળખ છે તે સૌએ મેળવી લેવો જોઈએ અને તેના ફાયદા પણ જણાવ્યા હતા. સભામાં કેડીઓ ગ્લોબલ કાર્ડ મેળવવા ભરવાના ફોર્મ આપવામાં આવ્યા હતા અને એપ્રિલ ૨૦૧૯માં માટુંગા મધ્યે સમસ્ત મહાજનની સર્વે યોજનાઓ જ્ઞાતિને અર્પણ કરી હતી તે 'વચનપૂર્તિ' કાર્યક્રમની વિગત વાળી પુસ્તિકાઓ પણ વહેંચવામાં આવી હતી.

બસો જેટલા જ્ઞાતિજનોએ બે કલાક સુધી માહિતી મેળવી હતી અને મેડિકલ સમિતિના છ સિલ્વર પેટર્ન દાતા પણ નોંધાયા હતા અને હોસ્પિટલમાં દાખલ શ્રીમતી દીપા ખોના માટે રોકડ દાન પણ જ્ઞાતિજનોએ નોંધાવેલ.

વિવિધ સમિતિ બાબત રાજેશ છેડા, બિપિન નાગડા, મિતેશ ધરમશીએ રજૂઆત કરી હતી.

લીવરની બિમારીને કારણે જ્યુપિટર હોસ્પિટલમાં લાંબી સારવાર મેળવી સ્વસ્થ થયેલ ભૂજોડી-કચ્છના લલીત કલ્યાણજી ડાઘાએ સભામાં હાજર રહી વ્યક્તવ્ય આપ્યું હતું અને આજે જે સ્થિતિમાં તેઓ છે તે બદલ સમસ્ત મહાજનની મેડીકલ સમિતિનો આભાર માન્યો હતો.









ગાંધીધામમાં રહેતા **અરવિંદ લાલજી લોડાયા** કચ્છના કર્મઠ કાર્યકર અને સમસ્ત મહાજનના બે ટર્મથી ટ્રસ્ટીએ કચ્છમાં ખાસ કરીને વારાપધર અને ગાંધીધામમાં બે દાયકાથી સમાજસેવામાં કાર્યરત છે. ગાંધીધામમાં ટ્રસ્ટબોર્ડની બેઠક મળે એવી એમની ઈચ્છાને માન આપીને રવિવાર તા.૧૮-૮-૨૦૧૯ના ટ્રસ્ટબોર્ડની બેઠક ગાંધીધામમાં યોજાઈ અને સાંજના ગાંધીધામ અને કચ્છના જ્ઞાતિજનો સાથે મિટિંગ યોજાઈ. જેમાં સમસ્ત મહાજનના સર્વે પ્રકલ્પો ખાસ કરીને કેડીઓ ગ્લોબલ કાર્ડ અને સંજીવની સ્કીમ બાબત સેક્રેટરી જનરલ શ્રી નીશીથ દંડે સવિસ્તર માહિતી આપી ને જ્ઞાતિજનોને અવગત કર્યા. કેડીઓ ગ્લોબલ કાર્ડના ફોર્મ વિતરણ કરાયા.



વ્યવસાયે ડોક્ટર એવા **નિલેશ મેઘજી પોલડીયા** બાયઠ વિસ્તારમાં લોકપ્રિય સામાજિક કાર્યકર છે. કચ્છની સર્વે મેડિકલ પ્રવૃત્તિઓમાં અને સમાજની સર્વે પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. સમસ્ત મહાજનના યુવાન ટ્રસ્ટી ઉત્સાહી અને કર્મઠ કાર્યકર છે.

# સમસ્ત મહાજનનો કેડીઓ ગ્લોબલ કાર્ડ સૌને માટે લાભદાયી છે



સમસ્ત મહાજનના ચતુર્થ સંમેલન પછી જ્ઞાતિજનોની ઓળખ માટે કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડની યોજના રજૂ થઈ. ઘરમાં બધાએ કાર્ડ લેવાનું છે જણાવી મારો કાર્ડ તૈયાર થયો.

અઠવાડિયામાં જ મારી ટ્રીટમેન્ટ કન્સલટન્ટ ડૉક્ટર પાસે ચાલતી હતી તે વિવિધ લેબટેસ્ટ કરાવવાનું ડૉક્ટરે લખી આપ્યું. મુલુંડમાં સર્વોદય નગરમાં 'મેટ્રોપોલીસ'નું કલેક્શન સેન્ટર આવેલું છે ત્યાં ટેસ્ટ કરાવવા જવાનું થયું. મેં કાર્ડ બતાવીને જણાવતાં તેઓએ કોમ્પ્યુટર સેટીંગમાં આપણી સંસ્થાનું નામ તેમણે ગોતીને પેકેજ પ્રમાણે ૨૫ ટકા ડિસ્કાઉન્ટ કાપીને બાકીના પૈસા લીધા. આમ વાર્ષિક ૨૦૦ રૂપિયાનો કાર્ડનો ચાર્જ પણ અઠવાડિયામાં જ ૧૨૫૦ રૂપિયાનું ડિસ્કાઉન્ટ સમસ્ત મહાજનની આ સ્કીમ દ્વારા મળ્યું. હજી બીજા મૉલ/સિનેમા ગૃહો/બ્રાન્ડેડ વસ્તુઓ વેચતી ફ્રેન્ચાઈઝીઓમાં જવાનું થશે. ત્યારે જે ફાયદો થશે તે વધારામાં.

સર્વેએ આ કાર્ડ મેળવી લેવું જોઈએ. આપણી પોતાની જૈન તરીકેની ઓળખ / વ.પ.નં./ વ.નો ફાયદો પણ આ કાર્ડ દ્વારા મળશે. મુંબઈના બધા પરામાં વિવિધ દુકાનોએ/રેસ્ટોરન્ટ/મોલ વગેરેમાં ફાયદો મળશે.

**– શ્રીમતી ઝવેરબેન કુંવરજી મોતા – રાપર ગઢવારી-મુલુંડનું મંતવ્ય**

# ખામગામ નગરમાં ઋષિ મંડળ એકાસણા અને અંતાક્ષરી







ખામદાન પ્રાંતના ખમીરવંતા ગામ એવા ખામગાંવ સંઘમાં અચલગચ્છીય સાધ્વી ભગવંત પ.પૂ. સંયમ ગુણાશ્રીજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં ઋષિમંડળ એકાસણા અને ભક્તિ અંતાક્ષરીનું ભાવ પૂર્વક આયોજન થયું. સંઘના શ્રાવક-શ્રાવિકાઓ ઉમટભેર આયોજનમાં જોડાયા હતા અને હર્ષપૂર્વક ભાગ લીધો હતો. લાભાર્થી પરિવાર રસિકલાલ શાહ પરિવાર ખામગાંવ રહ્યાં હતા.

# ડોંબિવલી સંઘમાં સ્નાત્રમહોત્સવની ઉજવણી થઈ

તા. ૧૮ ઓગસ્ટ રવિવાર રોજ ડોંબિવલી ઈસ્ટ સંઘમાં પ.પૂ.તીર્થગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં દેશી પદ્ધતિથી સ્નાત્ર મહોત્સવ ઉજવાયો. સંઘના શ્રાવક-શ્રાવિકોની બહોળી ઉપસ્થિત આ ઉત્સવને ભવ્યતા બક્ષી હતી.













# શ્રી અનંતનાથ જિનાલયે મુમુક્ષોનુ બહુમાન કરાયું



તા. ૧૮ ઓગસ્ટ રવિવાર રોજ સવારના ૯.૪૫ કલાકે શ્રી અનંતનાથ જિનાલય મસ્જિદ બંદરમાં નવેમ્બર ૨૦૧૯ના કાંડાગરા મુકામે દિક્ષા દાનેશ્વરી તપસ્વીરત્ન તપ ચક્રવર્તી ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત ગુણોદય સાગર સૂરિશ્વરજી મ.સા.ના કરકમલો દ્વારા રજોહરણ પ્રાપ્ત કરશે. જ્યારે ગૌતમભાઈ લોડાયા તા. ૮ ડિસેમ્બર ૨૦૧૯ના દિને સુથરી મુકામે સંયમપથ સ્વીકારશે.

આ બંન્ને મુમુક્ષોનું શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથ ટ્રસ્ટ તથા શ્રી ક.દ.ઓ. મસ્જિદબંદર સંઘ દ્વારા પ.પૂ. સાધ્વીજી મૌનગુણાજી મ.સા. આદિઠાણાની નિશ્રામાં બહુમાન કરવામાં આવેલ.







# ભાંડુપ સંઘમાં ભવ આલોચના વિષયક પ્રવચન યોજાયું





શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ભાંડુપમાં પ.પૂ.સાધ્વી શ્રી વીરાગગુણાશ્રીજી મ.સા.ની શુભનિશ્રામાં ભવ આલોચના વિષયે જાહેર પ્રવચનનું આયોજન કરાયું હતું. મુમુક્ષુ પ્રતિકભાઈ અને ગૌતમભાઈનું અનોખું બહુમાન પણ આ કાર્યક્રમ દરમ્યાન કરાયું. સંઘના ઉત્સાહી શ્રાવક, શ્રાવિકાઓ પ્રવચન શ્રવણનો લાભ લીધો તથા મુમુક્ષુ બહુમાન પ્રસંગે હરખભેર મુમુક્ષુોને ભવ્યતાથી વધાવ્યા.

# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા
# 'બચપન કી યાદે' પ્રોગ્રામ સંપન્ન



શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડના નેજા હેઠળ સિટીઝન વેલફેર ફોરમ દ્વારા તા.૧૧-૮-૨૦૧૯ રવિવારના દિવસે ૫૦ વર્ષથી ઉપરના જ્ઞાતિજનો માટે 'બચપન કી યાદે' નામનો એક સુંદર પ્રોગ્રામ ગોપુરમ હૉલ ખાતે યોજવામાં આવેલ.

જ્ઞાતિના મુલુંડમાં વસતા તેમજ મુલુંડ બહારના મહેમાનો દ્વારા સુંદર પ્રતિસાદ સાંપડેલ અને ૧૨૦થી ઉપર રજીસ્ટ્રેશન થયેલ.

કાર્યક્રમની શરૂઆતમાં મંડળના પ્રમુખ શ્રી મયુર ધુલ્લા અને સેક્રેટરી શ્રી જીજ્ઞેશ મોતાએ પધારેલ સર્વેનું સ્વાગત કરેલ અને ત્યારબાદ શ્રીમતી વિરાજ ધુલ્લાએ સંપૂર્ણ કાર્યક્રમની અને રમતોની સર્વેને સમજણ આપેલ અને વિવિધ રમતો રમવા માટે ૨ કલાકનો સમય આપેલ. આ સમય દરમ્યાન સર્વે રમત પૂર્ણ કરેલ સભ્યોમાંથી સફળ ખેલાડીઓને મંડળ દ્વારા સુંદર સંભારણું ભેટ રૂપે આપવામાં આવેલ. આ કાર્યક્રમની સુંદર રૂપરેખા તેમજ સંપૂર્ણ કાર્યક્રમ દરમ્યાન વ્યવસ્થા મંડળના સિટીઝન વેલફેર ફોરમના સભ્યો શ્રીમતી વિરાજ ધુલ્લા, નિતલ લોડાયા, સેજલ શાહ, સંદિપ શાહ, તેજસ લાલકા તેમજ અન્ય સર્વે યુવા કાર્યકર્તાઓ દ્વારા સરસ રીતે સંભાળેલ તે બદલ મંડળ સર્વ યુવા કાર્યકર્તાઓનો આભારી છે. અંતમાં સર્વે વડિલો, યુવા કાર્યકર્તા તેમજ મંડળના કારોબારી સભ્યોએ નાનપણના ગીતો અને કવિતાઓ પર એક સાથે આનંદથી ઝુમીને છુટા પડયા.









# હુબલી નગરમાં અદ્ભુતભક્તિનો માહોલ જામ્યો










રવિવાર તા ૧૮ ઓગસ્ટ દિને હુબલી મહાનગર સંઘમાં મહાતપસ્વી વાત્સલ્ય વારિધિ દક્ષિણરત્ન પ.પૂ.મુનિપ્રવર ગુરૂદેવશ્રી ધર્મપ્રભુસાગરજી મ.સા. આદિઠાણાની સૌ ભાગ્ય ભરી નિશ્રામાં પરમાત્માની અષ્ટપ્રકારી પૂજાનો ભવ્ય કાર્યક્રમનું આયોજન સંપન્ન થયું. પૂ.મુનિરાજ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા.એ અષ્ટપ્રકારી પૂજાના અદ્ભુત રહસ્યોના વર્ણન અદ્ભૂત શૈલી અને રોચક રીતે કર્યા હતા. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ માટે ધર્મ ભક્તિનો અનન્ય લ્હાવો બની રહ્યો હતો. સૌ ભક્તિના રંગરાગમાં ગુલતાન થઈ જઈ ભાવમાં ભીંજાઈ ગયા હતા.





# કેડીઓ ટોક્સના છઠા એપિસોડમાં વિમન્સ ક્રિકેટર પલક પ્રતિક ધરમશી સાથે વાર્તાલાપ







જ્ઞાતિની યુવા અને ટેલેન્ટ મહિલા ક્રિકેટર ૧૪ વર્ષીય પલક પ્રતિક ધરમશી સમસ્ત ક.દ.ઓ જૈન મહાજનની મિડિયા કમિટી પ્રસ્તુત કેડીઓ ટોક્સના છઠા એપિસોડમાં ઉજ્જ્વલ શાહ-છેડા સાથે રૂબરૂ થઈ. તેના ક્રિકેટના શોખ, તેના પેશન અમે ક્રિકેટમાં તેની અત્યાર સુધીની કારકિર્દી વિષે નિખાલસતાથી વાતચીત કરી પોતાનું હૃદય ખોલ્યું છે.

આઠ ધોરણમાં અભ્યાસ કરતી પલક દસવર્ષની ઉમરની હતી ત્યારથી ક્રિકેટની કેરિઅર બનાવવા પાછળ સખત મહેનત કરે છે. નાનપણમાં પપ્પા સાથે ક્રિકેટ રમવા આઝાદ મેદાન જતી ત્યારે ફિલ્ડીંગ કરવી, બોલ ઉંચકીને થ્રો કરવા, ક્રિકેટ કીટ-બોલ-બેટ આપવા પીચ ઉપર જતી આમ ત્યાંથી તેનામાં ક્રિકેટ ક્રેઝના બીજ રોપાયા. મુંબઈ ક્રિકેટ અન્ડર સિક્સટીન ટીમમાં ફાસ્ટ બોલર તરીકે તે યોગદાન આપે છે. ફાસ્ટ બોલર તરીકે તેની ફિટનેસ જળવાઈ રહે એ માટે રોજના બે કલાક જિમનેશ્યિમમાં ગાળે છે તો ચાર કલાક રોજ ગેમ પ્રેક્ટિસ માટે આપે છે

હાલમાં જ તેને બેસ્ટ ફાસ્ટેસ્ટ ફિમેલ બોલર તરીકેનો એવોર્ડ ભારતીય ટીમના ભૂતપૂર્વ કેપ્ટન દિલીપ વેંગસરકર કર્નલના હાથે અપાયો. સ્પોર્ટ ડાયટિશન એક્ષ્પર્ટ ડૉ. મીરા ખોપકરના ગાઈન્ડસ ડાયટ પ્લાનને ફોલો કરે છે. પપ્પા પ્રતિકભાઈ ધરમશી દરેક મેચમાં તેની સાથે રહે છે. તો મમ્મી પાલયબેન પુત્રી પલકના લંચ ટિફીન અને હેલ્ધી સ્નેક્સ પેકેટ તૈયાર રોજે, તેને આપી તેની ફિટનેસ અને હેલ્થની કાળજી લે છે.

પુત્ર કે પુત્રીના લક્ષણ પારણામાં. આ ઉક્તિને સાર્થક થતી આ કિસ્સામાં જોઈ શકીએ છીએ. માત્ર ચાર વર્ષમાં જ તેનો ક્રિકેટર તરીકેનો ગ્રોથ સતત પ્રગતિ ભર્યો રહ્યો છે. ભવિષ્યમાં પલક ધરમશી મહિલા આઈપીએમ ટીમનો હિસ્સો હશે અને ઈન્ડીયન ફિમેલ ક્રિકેટર તરીકે ટીમમાં જોડાઈ દેશનું પ્રતિનિધિત્વ જરૂર કરશે. તેના જોમ, જુસ્સા અને જહેમતને સલામ કરવી ઘટે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# મેડિકલ સહાય માટે અપીલ

**દીપા હંસકુમાર ખોના (મોટી ખાવડી-ડોંબીવલી)**



આંતરડાની માંસપેશીઓના ઘસારાથી Passive Gastro International Tract Bleeding લોહીની ઉલટીઓ થતાં તેમને ડોંબીવલીની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. બે દિવસમાં નિદાન થતાં, સ્વસ્થ થયા. ત્રણ નસનું બેડીંગ કરવામાં આવ્યું અને અઠવાડિયામાં રજા આપવામાં આવી. તેમનું બીલ ભરવાનું બાકી છે. ડોંબીવલી મંડળના પ્રમુખ હેમંત ધુલ્લા સમગ્ર કેસમાં સહાયભૂત રહ્યા અને હોસ્પિટલ સાથે કોઓર્ડીનેશન કર્યું. સખી દાતાઓને મદદ મોકલવા વિનંતી છે. આ અઠવાડિયે બીલ ભરવાનું છે.




**લક્ષ્મીચંદ દેવશી ગોસર (૫૮-વારાપધર)**



વારાપધર ગામમાં એકલા રહેતા જ્ઞાતિજન નાનપણથી માનસિક રીતે વિકલાંગ છે અને હાથમાં ફ્રેક્ચર છે. વારાપધર મહાજનની વિનંતીથી માંડવી આશ્રમમાં ઉપચાર માટે દાખલ કરવાના હોઈ, જ્ઞાતિજનોને સહાય કરવા વિનંતી છે કે જેથી આશ્રમમાં તેઓ શાંતિથી ઉપચાર કરાવી ને રહી શકે. આશ્રમના નિયમ મુજબ રકમ ભરવાની હોઈ આ વિનંતી છે. આપનો ફાળો સત્વરે મોકલશો કે જેથી જલદીથી આપણે તેમને યોગ્ય જગ્યાએ દાખલ કરાવી શકીએ.




**સહાય માટે બેંક અકાઉન્ટની વિગત**

**For NEFT Transfer**

**Type of Account : Saving, Account Number, : 002001005497, Name of the Bank, : Shri Arihant Co-op. Bank Ltd., Branch : Mulund (West), Mumbai - 400 080.Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan For Mobile App Transfer Our IFSC Code : ICIC00ARIHT**

પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

**Draw your cheque in the name of 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' (and payable at par at Mumbai)**

---

**ગૌરવ મુકેશ મોમાયા (૨૭-ડોંબીવલી)**



ડોંબીવલીમાં રહેતો ગૌરવ વિદ્યાવિહાર સ્ટેશન પર ગાડીમાંથી પડી જતાં અકસ્માત થયો. માથામાં વાગ્યું. રાજાવાડી પછી કોહીનુર હોસ્પિટલમાં દાખલ હતા. સમસ્ત મહાજનને મદદ માટે વિનંતી કરાઈ. પરંતુ સંજીવનીના નિયમમાં કેસ બેસતો ન હોવાથી તેમને તે પ્રમાણે જણાવાયું. અમને જણાવાયું તે પહેલાં મુંબઈમાં ત્રણ ચાર સંસ્થાઓ/ગ્રુપ તરફથી ક્રાઉડ ફંડીગ ચાલુ હતું. તેને હિન્દુ મહાસભા હોસ્પિટલ, ઘાટકોપરમાં ટ્રાન્સફર કરવા મદદ કરી. તેમજ ચેરીટી બેડ માટે પણ વ્યવસ્થા કરી આપી કે જેથી ટ્રીટમેન્ટ ખર્ચ અડધો થઈ જાય. આ સૌની જાણ માટે. સંજીવની સ્કીમના નિયમ મુજબ કેડીઓ ગ્લોબલ કાર્ડ હોવું જરૂરી. કુટુંબની માસિક આવક રૂા. ૨૦૦૦૦ થી વધુ ન હોય અને મેડીકલ ઈન્શ્યુરન્સ ન હોય.

# વર્ધમાન નગરમાં વામા માતાને થાળ અર્પણ કરાયો




ભુજના વર્ધમાનનગર ભુજોડીમાં પ.પૂ. સાધ્વીજી કૈવલ્ય પ્રિયાશ્રીજીમ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી દિનપ્રિયાશ્રીજી મ.સા.ના પાવનભરી નિશ્રામાં વામામાતાનો થાળ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ધન્યતાથી આ કાર્યક્રમ પ્રસંગે હાજર રહી ધર્મલાભ પામ્યા હતા.








**Name** : Gaurav Mukesh Momaya
**Father's name** : Late Shree Mukesh Narayanji Momaya
**Mothers name** : Pravina Mukesh Momaya
**Works at** : Sia Jewell's Matunga
**Age** : 27

**Gaam Suthri haal Dombival Met with an Accident , needs Financial Help so Please share and Help and even pray for his speedy Recovery.**

**Account Details :**
**A/C No 006001000632 Pravina momaya**
**IFSC Code ICIC00ARIHT**
**Please Share and help**

**સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની મેડિકલ સમિતિ દ્વારા ગૌરવ મોમાયાને કોહિનુર હોસ્પિટલમાંથી હિંદુસભા ઘાટકોપર હોસ્પિટલમાં શિફ્ટ કરવામાટે મદદ કરાઈ છે.**

# અનંતનાથ જિનાલયે ૧૬ સતીઓ સંવેદનાનો કાર્યક્રમ યોજાયો



અનંતનાથ જિનાલયે તા.૧૮.૮.૨૦૧૯ને રવિવારે સવારના બે મુમુક્ષુઓનું બહુમાન કર્યા બાદ ૧૦.૦૦ કલાકેથી ૧૬ સતીઓ સંવેદનાનો કાર્યક્રમ પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રી મ.સા. આદિ ઠાણાઓની પાવન નિશ્રા તથા માર્ગદર્શને મસ્જિદબંદર સંઘની બહેનો/શ્રાવિકાઓ દ્વારા દરેક પાત્રને ન્યાય આપતાં આબેહૂબ વર્ણન/સંવેદના ચેતનાબેન હરિયા ના સંગીતકારોના સથવારે રજૂઆત કરવામાં આવેલ.કાર્યક્રમની જોરદાર રજૂઆતથી આનંદિત થઈ શ્રી હિરેન નવીનચંદ્ર લાપસીયા દ્વારા ભાગ લેનાર ૧૬ બહેનોને એમના તરફથી શંખેશ્વરની યાત્રાની જાહેરાત કરવામાં આવેલ તથા શ્રી કલ્પેશ નવીન મોમાયા પરિવાર દ્વારા બહેનો સજોડે યાત્રા કરી શકે માટે ૧૬ પુરુષોને યાત્રા માટે જાહેરાત થતાં હાજર સર્વે જ્ઞાતિજનો હર્ષવિભોર થઈ બંને પરિવારોની તાળીઓના ગડગડાટથી અનુમોદના કરેલ. સુંદર અભિનય માટે  પ્રથમ ક્રમાંક શ્રીમતી અલ્પા કલ્પેશ મોમાયા,વરાડીયા,દ્વિતીય -શ્રીમતી પ્રાપ્તિ ભાવેશ ધરમશી,સુથરી તથા તૃતિય ક્રમાંક જિનલ સ્મિત લોડાયાને મળેલ. સર્વે કલાકારોને શ્રી ગોવિંદજી લાલજી લોડાયા,સાંધવ દ્વારા  લેડીસ પર્સ  તેમજ ભારતીબેન લહેરચંદ લોડાયા દ્વારા દરેકને ૫૦ રૂપિયા આપવામાં આવેલ.સંઘ દ્વારા આયોજિત સાધર્મિક ભક્તિનો હાજર  સૌ જ્ઞાતિજનોએ લાભ લીધેલ.








**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

**અથવા વોટસએપ પર મોકલો**

**9322257731**



Since 1989

Mr. Chetankumar Momaya
Proprietor
Jakhau - Ghatkopar

OLYMPIA
TRAVELS 'N' TOURS

" The One Stop Travel Shop, Right Where You Need It "

Air Tickets
Destination Wedding
Spiritual & Wellness Tourism
Adventure & Sports Tourism
Bollywood & Cinema Tourism

M.I.C.E. Operator
Inbound & Outbound Tours
Worldwide Cruise & Hotel Booking
Visa / Passport Assistance
Travel Insurance

Weekend Destination

Shop No.5 | Megh Ratan | Darasar Lane | Ghatkopar East | Mumbai – 400 077 | Maharashtra | India
+91-22-2501 3810/11/12
+91-93240 58413
olympia_tours@hotmail.com; info@olympiatourism.in
www.olympiatourism.in

IATA Accredited Agent



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● છેલ્લા બે વર્ષ નબળા ગયા બાદ ચાલુ વર્ષે વાવેતર રૂપ વરસાદ વરસતાં કચ્છી ભાનુશાલી દેશ મહાજન દ્વારા સમાજના ખેડૂત ખાતેદારને ચોમાસું વાવેતર માટે બિયારણ ખેડ ખાતર માટે પાંચ કે દશ હજારની વ્યાજમુક્ત લોન આપવાની યોજના અમલમાં મૂકીને પ્રેરણા દાયી પહેલ કરી છે. નિશ્ચિત રકમ જે મંજૂર થશે તે સંબધિતના બેંક એકાઉન્ટમાં સીધી જમાથશે અને છ મહિનાબાદ તે રકમ કરવાની રહેશે એવું આ યોજનાની વિસ્તુત માહિતી આપતા દેશ મહાજનના પ્રમુખ પ્રવીણચંદ બાબુભાઈ મંગેએ જણાવ્યું હતું.

● સમસ્ત જૈન સમાજ માધાપર દ્વારા તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ૬૩મા જન્મદિવસની ઉજવણી પ્રસંગે ૬૩૦૦ વૃક્ષોનું વાવેતર કરાયું અને ત્રણ લાખ સીડ બોલ્સ નાખવામાં આવ્યા હતા. ૩૧ ગામોમાં ૩૧ ઘાસની ગાડીઓ મોકલાઈ હતી.

● ભુજના પુનિત વન ખાતે પુનિત વનગ્રુપ દ્વારા નાડીવૈદ્ય ડૉ. કસ્તૂરચંદનો ચેકઅપ કેમ્પ યોજાઓ હતો. જેમાં ૧૮૩ જેટલા દર્દીઓ ન તપાસ્યા હતા અને રોગોનું નિદાન કરી સલાહ અને સારવાર અપાઈ હતી.

● જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે માંડવી નજીકના મેઘજી સોજપાલ જૈન આશ્રમના વડીલોનો ખાલીપો દૂર કરવા માટે આજકી શામ વયસ્કો કે નામ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૨૫ વયસ્કો જોડાયા હતા. વિજેતાઓને વિશિષ્ટ ઈનામો અપાયા હતા. ભાઈઓને કેપ અને બહેનોને મોજડીનું વિતરણ કરાયું હતું.

● સારસ્વતમ સંસ્થાનો વાર્ષિક સરસ્વતી સન્માન કાર્યક્રમ રાજપૂત ક્ષત્રિય સમાજવાડી માંડવી સ્થળે અધ્યક્ષ વિજયાલક્ષ્મીબેન શેઠના અધ્યક્ષ સ્થાને યોજાયો. સારસ્વતમ ૫૧ મા વર્ષમાં પ્રવેશતા સૌને વધામણાં આપી, નવા આયામો સર કરીને વિપરીત પરિસ્થિતિમાં ગ્રામ્ય શિક્ષણ માળખાને વધુ સબળ બનાવવા સૌને આહવાન કર્યુ હતું. સંસ્થા સંચાલિત ૨૦ શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું સન્માન કરાયું હતું.

● કલા કારીગરીના માધ્યમથી કચ્છના લોકોનું જીવનધોરણ ઊંચુ લાવવા સુમરાસર (શેખ) ખાતે કાર્યરત સંસ્થા કલારક્ષા અને સી.જી.પી.એલ. ટુંડાના સંયુક્ત ઉપક્રમે ટુંડા ગામે કલારક્ષા વિદ્યાલય ખાતે ધાગા પ્રોજેક્ટ-૨ ખુલ્લો મુકાયો હતો. આવા આયોજનો કારીગરો માટે પોતાની કલાનું નિખાર સાથે આર્શીવાદ રૂપ થવા ઉપરાંત સબળ માધ્યમ બની રહે છે. સંસ્થાઓના સંયોજનથી બજારમાં ઉદભવતી જરૂરિયાતો પૂરી થવા સાથે રોજગારીમાં પણ ફળદાયી નીવડતી હોવાનું જણાવ્યું હતું.

● પ્રકૃતિ પ્રેમી મેઘદૂત કાવ્યના રચયિતા કવિ કાલિદાસના જન્મદિવસે પાંચહજાર વૃક્ષ વાવેતર સાથે ઉછેરવાનો સંકલ્પ ભુજ તાલુકાના કુંનરિયા ગામે આંગણવાડીના ૫૧ બાળકોના પ્રવેશોત્સવ વેળાએ કચ્છ યુનિવર્સિટીના એન.એસ.એસ.ના સ્વંયસેવકોએ લઈ પ્રયાસ કર્યા હતો.

● વડોદરાની ઓએસિસ સંસ્થા દ્વારા ભુજમાં મિસાલ પ્રોજેક્ટની ઉજવણી કરાઈ હતી જેમાં કચ્છના શાળા કોલેજના ૮૩૪ બાળક અને યુવાનો ભાગલીધો હતો. તે પૈકી ત્રણ સ્તર પસાર કરનાર ૧૫૧ યુવાનોને વિજેતા જાહેર કરાયા હતા. દરેક વિદ્યાર્થીને ૫૦ હજાર રૂપિયાના મૂલ્યના આએસિએસનો ચાર વર્ષનો કોર્સ ઈનામ સ્વરૂપે અપાયો હતો. એક વર્ષ બાદ તેમને મિલેટરી ટ્રેનિંગ કેમ્પ અને બે વર્ષ બાદ હિમાલય ટ્રેકિંગ કેમ્પમાં થડતરની તાલીમ અપાશે.

● ગાંધીધામ લાયન્સ ક્લબ દર વર્ષની જેમ આ વર્ષે વિવિધ પ્રકારના ૬૨૦૦ રોપાઓ નિઃશુલ્ક વિતરણ કર્યા હતા. જ્યારે કલબ દ્વારા ૮૦૦ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. જેમાં ગુરૂ દ્વારા કમિટી રેલ્વે કોલોની, લાયન્સ ગાર્ડન, અગ્રવાલ કાર્ગો તથા અમરચંદ સિંઘવી સ્કૂલ સામેલ છે.

# વસઈ નગરે ૬૪ પહોરી પોષધ તપસ્યા

સૂરિભગવંતોની ધન્યકૃપાએ આધ્યાત્મયોગી ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની પુનિત નિશ્રાએ વસઈ નગરે જાજરમાન ચાતુર્માસના પર્યુષણ પર્વ દરમ્યિાન ૬૪ પહોરી પોષધ કરવા સમગ્ર મુંબઈના ૧૫ થી ૫૦ વર્ષના શ્રાવકોને પધારવાનું ભાવભર્યુ આમંત્રણ વસઈ સંઘ દ્વારા અપાયું છે.

નામ નોંધવવા ૯૩૨૬૩૪૦૦૫૯ ઉપર ખુશાલભાઈ સાથે સંપર્ક સાધવો. જે પણ મહિલા મંડળો ૨૪ તીર્થંકર માંથી કોઈપણ ભગવાનની શાનદાર પંચકલ્યાણ પૂજાની પુસ્તિકા જોઈતી હોય અથવા વિશિષ્ટ પ્રભાવ સંપન્ન શ્રી સિમંધર સ્વામી પુસ્તિકાઓ મંડળો માટે જોઈતી હોય તો ભેટ સ્વરૂપે મળશે. તે વહેલીતકે આપના નામ નોંધાવી દેવા.

સાંગલી પૂર રાહત માટે વસઈ સંઘ માંથી પાંચ લાખની માતબર રકમ એકત્રિત થઈ. શ્રી સંઘમાં ૨૬ ઓગસ્ટથી થનારી સામૂહિક ૧૩ ઉપવાસ (મૂળનાયક શ્રી સુમિતનાથ સ્વામીની તપ અર્પણ)ની આરાધનામાં વિશાળ સંખ્યામાં વસઈ વાસીઓને તેમજ સર્વે ગુરૂભક્તોને જોડાવા ભાવભર્યુ આમંત્રણ વસઈ જૈન સંઘના મંત્રીશ્રીઓ દ્વારા અપાયુ છે.

## સંજીવની પેટ્રોન સ્કીમ

સંજીવની પેટ્રોન સ્કીમ માં આજેજ આપણે યોગદાન આપીયે અને આપણા જરૂરતમંદ જ્ઞાતિજનો ને જીવનદાન માં સહાયક થયાનો આનંદ અનુભવી.









**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# જીવન ઘટમાળ

### ● જ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૦૮.૨૦૧૯ | અંબરનાથ | પ્રતિક તારાચંદ શામજી વિકમશી | વારાપધર | ૩૦ |
| | ભાવનગર | ડિમ્પલ નવીન ખીમજી નાગડા | કોઠારા | ૨૫ |

### ● આંતરજ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૦૮.૨૦૧૯ | કોડાય | પ્રતિક હેમંત ખીમજી નાગડા | કોઠારા | ૨૪ |
| | માંડવી | ભાવીકાબા મધુભા જાડેજા | મંજલ રેલડીયા | ૨૨ |

### ● આંતરજ્ઞાતિ લગ્ન ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯.૦૫.૨૦૧૯ | મલકાપુર | યશ રવિકાંત પદમશી ગોસર | બાયઠ | ૨૭ |
| | પુણે | યોગિતા ઓમકાર જીગાજી ડાંગે | બુલદાણા | ૨૭ |

### ● મરણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૮-૨૦૧૯ | હૈદ્રાબાદ | વીરચંદ દામજી મોતા | તેરા | ૫૧ |
| ૨૦-૦૮-૨૦૧૯ | માટુંગા | લીલાવંતી નવીનચંદ્ર મોમાયા | સાંયરા | ૬૯ |
| ૨૨-૦૮-૨૦૧૯ | થાણા | જયાબાઈ જેઠાલાલ મોતા | સુથરી | ૬૯ |




|| જય શ્રી અંબેમા ||

# શ્રી નલિયા નાગડા ગોત્રના અંબેમાતાને નમતા ભાવિકોની સમૂહ પહેડીનો અહેવાલ

શ્રી નાગડા ગોત્રના ભાવિકો દ્વારા નલિયામાં **તા. ૦૩-૦૭-૨૦૧૯ અને ૦૪-૦૭-૨૦૧૯**ના બે દિવસીય પ્રોગ્રામો સાથે સમૂહ પહેડીનું ખુબજ ઉત્સાહ અને ઉમંગથી આયોજન થયું હતું આ પ્રસંગે દેશ દેશાવર થી ૨૫૦થી વધુ ભાવિકો આ પહેડી પ્રસંગ ઉજવવા પધારેલ હતા.

**પહેલા દિવસે એટલે તા. ૦૩-૦૭-૨૦૧૯**ના સવારના ૯:૩૦ કલાકે માતાજી તથા ક્ષેત્રપાળ દાદાની અતિ પવિત્ર વિધિ એટલે નીમાલ બહારથી પધારેલા અને સ્થાનિક ભાવિકો દ્વારા કરવામાં આવ્યું હતું બપોરે ૧૨.૩૯ વિજય મુર્હતે **માતુશ્રી દેવકાંબાઈ શિવજી લખમશી નાગડા પરિવાર** હસ્તે **માતુશ્રી તારામતી લહેરચંદ શિવજી નાગડા,** ઘાટકોપર - નલિયા દ્વારા શ્રી સિધ્ધચક્ર મહાપૂજન **શ્રી કેવલભાઈ શાહ** અને સંગીતકાર **નેહા પટેલ નિકેશભાઇ અને સાથી કલાકારોના સથવારે પૂજન** ભણાવવામાં આવ્યું હતું. આ પરિવાર દ્વારા સંપૂર્ણ નલિયાવાસીઓ સાથે સાધર્મિક ભક્તિરૂપે બપોરે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પૂજન પ્રસંગે જીવદયા માટે ઉત્તમ ફાળો થયો હતો. નલિયા પાંજરાપોળ ને રૂા. ૧૦૧૦૦૦/-નું અનુદાન આપવામાં આવ્યું હતું. તે દિવસે નલિયા તીર્થે પાંચે મુળનાયક પ્રભુજીની નયનરમ્ય સુંદર અંગરચના કરવામાં આવી હતી. રાત્રે નેહા પટેલ, નિકેશભાઇ અને સાથી કલાકારોએ અવનવા ભક્તિ ગીતો રજુ કરી મંત્રમુગ્ધ કર્યા હતા. **માતુશ્રી સરલાબાઇ લધુભાઈ (મુલચંદભાઈ) નાગડા** નું દર વર્ષની જેમ સુંદર ધ્વજા બનાવવા માટે અભિવાદન કરવામાં આવ્યું હતું માતાજીની આરતી અને ઇતિહાસ ધરાવતી પુસ્તિકાનું વિમોચન શ્રી મયુર ચાંપશી નાગડા - તેરા દ્વારા થયું હતું કાર્યક્રમનું  સંચાલન રાજેશ લખમશી મોતાએ કર્યું હતું. રાત્રે આરતીનો ચડાવો **માતુશ્રી મધુરીબેન કુલીનકાંત નાગડા** હસ્તે **શ્રી કેતન કુલીનકાંત નાગડા,** તેરા (નાંદેડ) પરિવારે લીધો હતો..

**બીજા દિવસે એટલે ૪-૭-૨૦૧૯**ના (આષાઢી બીજ) સવારે ૯:૩૦ કલાકે સર્વે ભાવિકો પહેડી માટે ઉપસ્થિત થઈ ગયા હતા. સૌ પ્રથમ આ ચડાવાના લાભાર્થી અતિ ઉત્સાહપૂર્વક **માતુશ્રી મધુરીબેન કુલીનકાંત નાગડા** હસ્તે **શ્રી કેતન કુલીનકાંત નાગડા પરિવાર** દ્વારા પહેડી પ્રસાદ અને ધ્વજા વાજતે ગાજતે લઇ માતાજીને ચડાવવામાં આવેલ હતા. **માતુશ્રી પુષ્પાબાઈ કુસુમકાંત નાગડા**ના હસ્તે માતાજીને પહેડી પ્રસાદનો થાળ અર્પણ કરવામાં આવેલ. માતાજી દ્વારા સર્વે ભાવિકોને આશીર્વાદ અને જુવાર મંજુર થયા છે એવો સંદેશો મળતા જયનાદથી આ પ્રસંગને વધાવવામાં આવ્યો હતો

આ પ્રસંગે **સ્વ. અ.સૌ. દીમુબાઇ તથા સ્વ. ગોરબાઇ લખમશી ટોકરશી નાગડા તથા સ્વ. અ.સૌ. હીના (નરશી) નરેન્દ્ર લખમશી નાગડા,** નલિયા-ઘાટકોપર તરફથી માતાજી ને નિમાલ માટે ચાંદીનો કળશ તથા ચાંદીનો છત્ર, કલચર મોતીની માળા, ચુંદડી ભેટ મળેલ.

આ ત્રણ દિવસના પ્રોગ્રામમાં જુગલ માણેકજી નાગડા, મહેશ ખીમજી નાગડા, મહેશ શામજી નાગડા, ચેતન લહેરચંદ નાગડા, શ્રેણિક તેજપાલ નાગડા તથા અલ્પેશ પદમશી નાગડા, એમની અથાગ મહેનતના પરિણામરૂપ સફળ આયોજન થયું હતું. આ સાથે શ્રી નલિયા જૈન જ્ઞાતિ મહાજન, શ્રી નરશીનાથા ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી ચન્દ્રપ્રભ અતિથિગૃહ અને નલિયાવાસીઓ દ્વારા સંપૂર્ણ સહકાર મળ્યો હતો તેમજ પ્રતીક કેટર્સના ભીખુભાઇએ બંને દિવસ સુંદર ભોજન પીરસ્યું હતું. મંડપ અને સાઉન્ડ માટે કિરણભાઈ મોતા, ફોટોગ્રાફિ માટે ઋષભ તેજપાલ નાગડા અને મનીષ મોમાયા દ્વારા સુંદર સહયોગ મળ્યો હતો નાગડા ગોત્ર પરિવાર સહુનો આભાર વ્યકત કરે છે.

**શ્રી નલિયા નાગડા ગોત્ર**

(ફોટાઓ સામેના પાને)

# શ્રી નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબેમાં ની સમુહ પહેડી - નલિયા

## સવંત ૨૦૭૫, અષાઢ સુદ ૨ (બીજ), ગુરૂવાર તા. ૪-૦૭-૨૦૧૯



Plan the present, secure the future.

**Get a Family Insurance!**



insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO

Gyatimaiya
Weekly E-magazine

KDO